"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૮-૨૦૧૯/૨૦ તા.૧૨-૦૬-૨૦૧૮

**ખાસ જરૂરી**

પ્રતિશ્રી,
**માન.શ્રી વિજયભાઈ રૂપાણી**
માન.મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**વિષય : સ્પીડ ગવર્નર બાબતે**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે આપણાં રાજ્યમાં તા.૦૧-૦૬-૨૦૧૭થી સ્પીડ ગવર્નર લગાવવાનું ફરજીયાત કરવામાં આવેલ અને તે અન્વયે તા.૦૧-૧૦-૨૦૧૫ બાદ ઉત્પાદીત થતા ટ્રાન્સપોર્ટ વાહનોમાં મેન્યુફેકચર કંપની દ્વારા તે સ્પીડ મર્યાદા પ્રમાણેની વ્યવસ્થા કરવાની રહેલ અને તે પહેલાની કોમર્શીયલ ગાડીઓમાં એકસટર્નલ સ્પીડ લીમીટ ડીવાઈસ (SLD) લગાવવાના આદેશ આપેલ.

આપણા રાજ્યમાં સને ૨૦૧૫માં આશરે ૧૦ લાખ નાના મોટા કોમર્શીયલ વાહનો હતા અને દરેક વર્ષે તેમને આર.ટી.ઓ.માં ફીટનેશ/પાસીંગ માટે જવું પડે છે.

શરૂઆતમાં સરકારે અધિકૃત કરેલ મેન્યુફેકચરર/એજન્ટો દ્વારા રૂ.૯૦૦૦/- થી રૂ.૧૧૦૦૦/-માં આવા એસએલડી યંત્રો ફીટ કરવામાં આવેલ. આ બાબતે અમારા એસોસીએશન દ્વારા બીજા વેન્ડરને પણ બોલાવવાની રજુઆત કરતા આજે આ એસએલડી રૂ.૩૦૦૦/- થી રૂ.૪૦૦૦/-માં મળતા થયેલ છે.

આ એસએલડી યંત્રને એન્જીન/ફયુઅલ પંપ જોડે જોડાણ કરવામાં આવે છે અને તે ગાડીના એન્જીન જોડે સુસંગત નહી હોવાથી એન્જીન ઉપર ખુબ જ લોડ આવે છે અને ફયુઅલ પંપ પણ ખરાબ થાય છે. આના કારણે ગાડીની મોશન બગડે છે અને ફયુઅલનો વપરાશ પણ વધે છે. આ બધા કારણોને લીધે અને ગાડીની મોશન ખરાબ થવાથી કંટાળાજનક ડ્રાઈવીંગને હિસાબે ડ્રાયવરો પણ ખુબ પરેશાન છે અને તેને કારણે ગાડી તેમજ ડ્રાયવરની કાર્યક્ષમતા ઘટતા ફુગાવાજનક પરિસ્થિતિનનું સર્જન થયેલ છે.

આ ઉપરાંત આવા એકસટર્નલ સ્પીડ લીમીટ ડિવાઈસ પાછળથી લગાવવાના કારણે બધા જ ગાડીઓના મેન્યુફેકચરરોએ ગાડીની વોરંટી રદ કરી દીધેલ છે.

આ એસએલડી લગાડયા બાદ દરેક વર્ષે તેનું રીન્યુઅલ સર્ટીફીકેટ જે-તે મેન્યુફેકચરર પાસેથી મેળવવાનું ઠરવેલ છે. જેથી ઉંચા ભાવે આવા ડિવાઈસ ફીટ કરાવ્યા બાદ દર વર્ષે રીન્યુઅલ સર્ટીફીકેટ લેવાના પણ મોં માગ્યા અયોગ્ય પૈસા આપી દરેક ગાડી માલીકો ઉપર વધારાનો આર્થિક બોજો આવે છે. આ ઉપરાંત જો વર્ષ દરમ્યાન

"Driving Salamat To Jivan Salamat"

# અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન

# Akhil Gujarat Truck Transport Association

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 079-23250205 (O) 079-23250206-09
(F) 079-23250285 (M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801



કોઈ મેન્યુફેક્ચરર/એજન્ટની માન્યતા રદ કરવામાં આવે તો તેનું રીન્યુઅલ સર્ટીફીકેટ યોગ્ય ન ઠરતા નવું ડીવાઈસ લગાવવાની અયોગ્ય પરિસ્થિતી થઈ શકે.

આવી વ્યવસ્થા આપણાં પ્રગતિશીલ રાજ્યમાં ગોઠવાઈ તે ઘણી ખેદજનક બાબત છે અને તે અર્થે રાજ્યના સૌ નાના-મોટા ગાડી માલીકોમાં ખુબ આક્રોશ છે.

ખાસ તો આપને વીદીત થાય કે તા.૧૪-૦૮-૨૦૧૫ના જાહેરનામા પ્રમાણે ૩૫૦૦ કિ.ગ્રા. જીવીડબલ્યુ સુધીના વાહનોને આ અંગે છુટ હોવા છતાં દરેક આવી નાની ગાડીઓને પણ ફરજ પાડી એસએલડી લગાવડાવી નાના ગાડી માલીકોને ખુબ જ અન્યાય કરેલ છે.

આ સાથે આપને અમારી રજુઆત છે કે ગાડીઓમાં એક્સટર્નલ એસએલડી લગાવવાથી ગાડીઓના ફ્યુઅલ પંપમાં નુકશાન થાય છે તેમજ ફ્યુઅલના વપરાશમાં પણ વધારો થાય છે અને આ ઉપરાંત તે અંગેનો જરૂર વગરનો આર્થિક બોજો ઉઠાવવો પડે છે. આથી અમારી નમ્ર વિનંતી કે જુની ગાડીઓમાં આવા યંત્રો લગાવવાનું કે તેને દર વર્ષે રીન્યુ કરવાના અન્યાયી હુકમને રાજ્ય સરકારે રદ કરવા જોઈએ.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદે
(માનદમંત્રી)

નકલ રવાના :

૧. માન.શ્રી આર.સી. ફળદુ-માન.મંત્રીશ્રી વાહન વ્યવહાર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૨. માન.શ્રી ઈશ્વરસિંહ પટેલ-રાજ્યકક્ષાના મંત્રીશ્રી વાહન વ્યવહાર (રાજ્યકક્ષા)-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.